# રાજ્યની ૧૬ ચેકપોસ્ટ ૨૫મીથી નાબુદ થશે

## રાજ્યની ૨૨૧ આઈટીઆઈ અને ૨૯ પોલિટેકનિક ખાતે લર્નિંગ લાઇસન્સ કાઢી શકાશે : શહેર અને ગામના ૮ લાખ લોકોને થશે ફાયદો,૧૫ નવે.થી આઇટીઆઇ ખાતે શિખાઉ લાયસન્સ આપવામાં આવશે : વિજય રૂપાણી

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત સરકારે આજે રાજ્યમાં આવેલી તમામ ૧૬ ચેકપોસ્ટોને નાબુદ કરવાનો અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આજે બપોરે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પ્રેસ કોન્ફરન્સમાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ કે રાજ્યમાં ૨૫ નવેમ્બરથી રાજ્યની ૧૬ ચેકપોસ્ટ નાબુદ થઈ જશે. ITIમાંથી ઓનલાઈન લર્નિંગ લાયસન્સ કઢાવી શકાશે.



વાહનચાલકોને હવે RTO જવાની જરૂર નહીં પડે. ૨૨૧ ITI અને ૨૯ પોલિટેકનિકમાં ઉભી સુવિધા કરાઈ છે. ઓનલાઈનમાં ૭ સેવાઓનો ઉમેરો કરવામાં આવ્યો.

શહેર અને ગામના ૮ લાખ લોકોને ફાયદો થશે. વાહનચાલકોને હવે ઈ જવાની જરૂર નહીં પડે. ૪૦ લાખથી વધુ વાહનચાલકોને ફાયદો થશે.ચેકપોસ્ટ પરથી ફી અને કર વસૂલવાની કામગીરી બંધ કરવામાં આવી છે. ૨૦૧૦થી અત્યાર સુધીનો વાહનચાલકોનો ડેટા ઓનલાઈન મેળવી શકાશે. તેઓએ જણાવ્યું છે કે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં વધુ સરળતા આવે અને લોકોની સમસ્યાનો અંત આવે તેવા ઉમદા હેતુથી આવો નિર્ણય કરાયો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે વર્ષે ચેકપોસ્ટ ઉપર કર અને ફીની ચુકવણી આવક ૩૩૨ કરોડની હતી. જે હવે ઓનલાઇન સ્વીકારવામાં આવશે.

વર્ષે ૨૦ લાખથી લર્નિંગ લાયસન્સ નીકળે છે. ૨૨૧ જેટલી આઈટીઆઈ તથા પોલિટેકનિક મળીને અંદાજિત ૨૫૦થી વધુ જગ્યાઓથી લર્નિંગ લાયસન્સ ઉપલબ્ધ કરી શકાશે. તેના માટે આરટીઓ ઓફિસ સુધી જવાની જરૂર નહિ પડે. આ તમામ જગ્યાઓથી લર્નિંગ લાયન્સ ઉપલબ્ધ થઈ શકશે. ૧૫ નવેમ્બરથી આઈટીઆઈ ખાતે શિખાઉ લાયસન્સ આપવામાં આવશે. ૨૫ નવેમ્બરથી લર્નિંગ લાયસન્સની કામગીરી ૨૯ પોલિટેકનિક ખાતે કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે ઓવર ડિમેન્શન કાર્ગો માટે વાહન અને માલની એક્ઝામસનની જોગવાઈ કરવામાં આવી છે. પરવાનગી ફક્ત વાહનના માપ અને માલના ઓવર ડિમેન્સન પૂરતી જ છે. ઓવરલોડ માલની પરવાનગી ઓડિસી મોડલ પર મળશે નહીં. ઓવરલોડ માલનું પરિવહન પ્રતિબંધિત છે. ઓડિસી મોડેલ પર કોઈપણ વાહન માલિક અને માલ સંબંધિત ફી તથા કર ભરીને મુક્તિ મેળવી ન હોય તેમજ માલ અને વાહન સંબંધિત ખોટી માહિતી આપશે તો બમણો દંડ ફલાઈંગ સ્ક્વોડ દ્વારા વસૂલવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી જ મચ્છરોના હેવી બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં દર સપ્તાહના ગુરૂવારે હાથ ધરવામાં આવતા ન્યુ ગાંધીનગર વિસ્તારના સર્વેલન્સમાં આજે ગુડાની આવાસ યોજનાની કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકને નોટીસ આરોગ્ય તંત્રએ આપી છે.

આ કન્સ્ટ્રક્શન સાઈટના ત્રણ બ્લોક તેમજ તેની ડકમાંથી એડીસ મચ્છરોના હેવી બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો ચોંકી ઉઠી હતી. અગાઉ પણ આ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકને નોટીસો આપવામાં આવી છે પણ સંચાલક દ્વારા કોઈજ પ્રકારના પગલાં ભરવામાં આવતા નથી તેથી હવે તંત્રમાં પણ નિરાશાની લાગણી જન્મી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૫૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો ચાલે છે જેમાં સવાસોથી વધુ સાઈટો માત્ર સુઘડ-ઉવારસદ અને આદરજ મોટી પી.એચ.સી. વિસ્તારોમાં ચાલે છે.

વાહકજન્ય રોગચાળા માટે આ ત્રણેય પી.એચ.સી.ના વિસ્તારને સંવેદનશીલ વિસ્તાર તરીકે ઓળખી કાઢવામાં આવેલ છે. તંત્ર દ્વારા વારંવારની નોટીસો પછી પણ સાઈટના સંચાલકો દ્વારા પગલાં લેવામાં આતા નથી.

મળતી વિગતો પ્રમાણે આ કન્સ્ટ્રક્શન સાઈટની બાજુમાં આવેલ સોસાયટીઓ સોપાન પ્રતિષ્ઠા, શુભ કેન્ડીડ, ઈન્દ્રધનુષ-૨માંથી ડેન્ગ્યુના કેસો પણ મળી આવ્યા છે. આ સોસાયટીના રહીશો પણ ફરિયાદ કરી થાક્યા છે કે તંત્ર હવે કોઈક કડક પગલાં ભરે તો સારૂ.

જિલ્લા અને શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં આ વખતે ઉછાળો જોવા મળ્યો છે ત્યારે તંત્ર કડક પગલાં ભરે તેવી લોકોની માંગ પ્રબળ બની છે.

## વાયુ-અવાજનુ પ્રદુષણ ફેલાવતા ૧૦ બુલેટની આરસી બુક જપ્ત

### સાઇલેન્સર લગાડી અવાજ કરીને રાહદારીઓમાં ભય ફેલાવતા બુલેટ ચાલકો સામે પોલીસની લાલ આંખ ત્રણ દિવસમાં પોલીસે ૧૦ બુલેટ જપ્ત કર્યા

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વાયુ પ્રદુષણની સાથે કાન ફાડીને નાંખે તેવો ઘોંઘાટ ફેલાવતા બાઇક અને બુલેટ ચાલકો સામે પોલીસ તંત્રએ લાલ આંખ કરી છે. નિયમ વિરુધ્ધ સાઈલેન્સર લગાડીને વાયુ અને અવાજનુ પ્રદુષણ ફેલાવતા ૧૦ જેટલા બુલેટ પોલીસે જપ્ત કર્યા છે. જયારે આર ટી ઓ દ્વારા આવા વાહનોની આર સી બુક પણ જપ્ત કરી લેવામાં આવી છે.

શહેરમાં પ્રુદષણની માત્રા દિનપ્રતિદિન વધી રહી છે. હરિયાળા ગાંધીનગરમાં પણ પ્રદુષણ ચિંતાનો વિષય બન્યો છે. શહેરમાં વાહનોની વધતી સંખ્યાની સાથે વાયુ અને અવાજનુ પ્રદુષણ વધ્યુ હોવાનો રોષ પણ વધી રહ્યો છે. ટ્રાફિક નિયમનની સાથે નવા દંડ મુજબ વસુલતા કરવા માટે પણ પોલીસ તંત્ર કામે લાગ્યુ છે. જયારે નગરના પહોળા અને ખુલ્લા માર્ગો પર બેફામ દોડતા વાહનોની સાથે બાઈક અને બુલેટમાં સાઈસેન્સ લગાડીને અવાજનુ પ્રદુષણ ઉભુ કરતા વાહનચાલકોની સંખ્યા પણ વિશેષ છે. જેની સામે નગરજનોમાં પણ રોષ પ્રવર્તયો છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલાતમી પણ જોખમાતી હોવાના દ્રશ્યો સર્જાય છે.

ધુમ સ્ટાઈલમાં બેફામ જતા આવા બુલેટ ચાલકોના લીધે રાહદારીઓમાં પણ ગભરાટ પ્રવર્તે છે. ત્યારે પોલીસ તંત્રએ આવા બુલેટ ચાલકો સામે લાલ આંખ કરી છે. પોલીસે ત્રણ જ દિવસમાં આવા ૧૦ બુલેટ ચાલકોના બુલેટ જપ્ત કરી લીધા છે. જયારે આર ટી ઓ દ્વારા બુલેટ ચાલકોની આર સી બુક પણ જપ્ત કરી લેવામાં આવી છે. આવા બુલેટ ચાલકો સામે કાર્યવાહી કરી પોલીસ દ્વારા દંડ વસુલી પણ કરવામાં આવી રહી છે. જયારે આગામી દિવસોમાં આ પ્રકારના અવાજ અને વાયુના પ્રદુષણની માત્રા વધારતા વાહનચાલકો સામે પણ કડક પગલા લેવા પોલીસ તંત્ર કાર્યવાહી હાથ ધરશે.

## સાતમા પગાર પંચના મુળ પગાર મુજબ વિવિધ કેટેગરીના આવાસની ફાળવણી કરાશે

### કર્મચારીઓને વિવિધ કેટેગરીના આવાસો સાતમા પગારપંચના મુળ પગાર મુજબ ફાળવવા માટે માર્ગ મકાન વિભાગે નવો પરિપત્ર જારી કર્યો

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોની માટે હવે સાતમા પગાર પંચના મુળ પગારને ધ્યાને લઈ કર્મચારીઓને જુદી જુદી કક્ષાના આવાસોની ફાળવણી કરવા માર્ગ મકાન વિભાગે પરિપત્ર જારી કર્યો છે. જે મુજબ મુળ પગારને ધ્યાને લઈ વિવિધ કક્ષાના આવાસની ફાળવણી કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો છે. નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી આ આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે .જયારે નિકાલ હેઠળના અને ભયજનક આવાસોના અંતે મકાનો તોડવાની કાર્યવાહી બાદ રહેણાંકને લાયક આવાસોની સંખ્યા પણ હવે નામની જ રહી છે. અલબત્ત નવા મકાનો બાંધવાની કામગીરી પણ ચાલી રહી છે.બીજીતરફ જુના અને જોખમી મકાનો પણ તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં અગાઉ વર્ષ ૨૦૧૫ દરમિયાન આવાસોની કેટેગરી મુજબ ભાડાના દરમાં પણ સુધારો કરાયો હતો. જયારે હવે સાતમા પગારપંચ મુજબ કર્મચારીઓને મુળ પગાર મુજબ ફાળવવા લાયક આવાસની કેટેગરી નિયત કરતો પરિપત્ર પણ માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૩ દરમિયાન સરકારે ઠરાવના અંતે અધિકારી કર્મચારી માટે આવાસની કક્ષા નિયત કરી હતી .જયારે હવે રાજય સરકારે સાતમા પગાર પંચની ભલામણો પ્રમાણે સુધારેલા પગાર ધોરણો નિયત કરતા નવા પગાર ધોરણ મુજબ વિવિધ કક્ષાના સરકારી આવાસ ફાળવવાનુ નક્કી કરાયુ છે. જેમાં માર્ગ મકાન વિભાગના પરિપત્ર મુજબ હવે સરકારી કર્મચારીઓના મુળ પગાર મુજબ આવાસની ફાળવણી કરાશે જેમાં સાતમા પગાર પંચ મુજબ જે કર્મચારીઓનો મુળ પગાર ૧૪૮૦૦હોય તેમને જ-૧ કક્ષા, ૧૮ હજાર હોય તેમને જ-૨ કક્ષા,૧૯૯૦૦ ના ધોરણ મુજબ બી , જ કક્ષા ૨,જયારે ૨૫૫૦૦

## આજે પંચાયતની અનોખી કાર્યશાળા કડી કેમ્પસમાં યોજાશે

### સેક્ટર-૨૩ના ખિમજી વિસરામ હોલ ખાતે જિલ્લાના સરપંચો અને તલાટીઓની કાર્યશાળા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજે બપોરે બે વાગે સરપંચો, તલાટીઓ અને જિલ્લા પંચાયતના અધિકારીઓ તેમજ કર્મયોગીઓ અને પદાધિકારીઓની એક મહત્વની કાર્યશાળા નાથીબા હોલ કડી કેમ્પસ ખાતે યોજાઈ છે.

છેલ્લા બે દિવસથી આ અંગેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે. મળતી વિગતો પ્રમાણે આ કાર્યશાળામાં પંચાયત એક્ટની વિવિધ જોગવાઈઓ અને પંચાયતોને સોંપાયેલી સત્તાઓ તેમની ફરજો અંગે વિશેષ અને રસપ્રદ વિગતો આપવામાં આવનાર છે.

આ કાર્યશાળામાં પંચાયતોના સ્વભંડોળ, ખરીદી જેવા વિષયો અંગે પણ સમજ આપવામાં આવનાર છે. આ ઉપરાંત વિવિધ શાખાઓ દ્વારા પ્રજા-કલ્યાણલક્ષી યોજનાઓની અમલવારીમાં મળેલ સિદ્ધિઓ અને તેના આગામી કાર્યક્રમોની જાણકારી સાથેના પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવનાર છે.

તંત્ર દ્વારા પ્રથમવાર જિલ્લાના તમામ સરપંચો, તલાટીઓ તેમજ જિલ્લાના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપરાંત પદાધિકારીઓની સંયુક્ત કાર્યશાળા યોજાઈ રહી છે.

તંત્રના સૂત્રોનું કહેવુ છે કે પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ પ્રજાભિમુખ બનાવવાના અભિગમને આનાથી વધુ વેગ મળશે

## શહેરમાં દિવાળી વેકેશન બાદ બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

### શાળા કોલેજો શરૂ થતા સવારથી જ સ્કુલ ડ્રેસમાં સજ્જ વિદ્યાર્થીઓએ શાળા તરફ ડગ માંડયા : શાળા સંકુલોમાં નવા વર્ષે અનોખો ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

ગાંધીનગર તા ૧૪

દિવાળી વેકેશનના અંતે આજથી શહેરમાં શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ફરી ગુંજતા થયા હતા. સવારથી જ વિદ્યાર્થીઓ સ્કુલ ડ્રેસ સાથે હાથમાં દફતર લઈને શાળાએ જતા નજરે પડયા હતા. શૈક્ષણિક સંકુલોમાં ૨૧ દિવસના દિવાળી વેકેશનના અંતે વિદ્યાર્થીઓનો ગુંજારો જોવા મળ્યો હતો. નગરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો હતો. શાળા કોલેજો શરૂ થતા નગરનુ જનજીવન પણ ધબકતુ થયુ હતુ. બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે વિદ્યાર્થીઓ દિવાળી વેકેશનની મજા બાદ અભ્યાસમાં લાગી ગયા હતા.



દિવાળી વેકેશનના અંતે આજથી શાળા કોલેજો શરૂ થતા નગરના જનજીવનમાં અનોખો બદલાવ જોવા મળ્યો હતો. છેલ્લા ૨૧ દિવસથી નગરની શાળા કોલેજોમાં વેકેશનના લીધે સુનકાર છવાયેલો હતો. દિવાળીમાં વિદ્યાર્થીઓ અભ્યાસુ પ્રવૃતિથી દુર રહીને વેકેશનને એન્જોય કરવામાં મશગુલ હતા. શહેરમાં મોટાભાગના પરિવારજનો દિવાળી વેકેશનની મજા માંણવા માટે બહાર ફરવા ગયા હતા. દિવાળી વેકેશન દરમિયાન નગરમાં ફરવા જનારા પરિવારોની


● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાના સુપ્રસિદ્ધ બૉડી બિલ્ડર-અભિનેતા કાઈ ગ્રીન ગાંધીનગર આવશે

### ઈન્ફોસિટી ક્લબ રિસોર્ટ ખાતેના કેવલ રિની'ઝ ફિટનેસ સ્ટુડિયો ખાતે આવશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના આંગણે અમેરિકાના સુપ્રસિદ્ધ ચેમ્પિયન બૉડી બિલ્ડર ૪૪ વર્ષીય કાઈ ગ્રીન તા. ૧૮મી નવેમ્બરે પધારી રહ્યાં છે. કાઈ ગ્રીન અમેરિકાના જાણીતા આઈએફબીી પ્રોફેશ્નલ બૉડી બિલ્ડર અને જિમ ટ્રેનર હોવા સાથે સાથે અભિનેતા તરીકે પણ સુપ્રસિદ્ધ છે. તેઓ ઈન્ફોસિટી ક્લબ ખાતેના કેવલ રિની'ઝ ફિટનેસ સ્ટુડિયો ખાતે પધારશે.



કાઈ ગ્રીન આઈએફબી બૉડી બિલ્ડીંગની રમતને પ્રોત્સાહન આપવા માટે અગાઉ પણ ભારત આવી ચુક્યાં છે. તેઓ માત્ર એક બૉડી બિલ્ડર જ નથી પરંતુ તેઓ એક કલાકાર, શિલ્પકાર અને એક અભિનેતા પણ છે. તેઓ તેમના લોકપ્રિય ઉપનામ "ધ પ્રિડોર" તરીકે સુવિખ્યાત છે અને યુવા વર્ગમાં ઘણી લોકચાહના ધરાવે છે. કાઈ ગ્રીન ભારતમાં બૉડી બિલ્ડીંગ અંગે જાગૃતિ ફેલાવવા સાથે તેી તાલીમ અને નવા ઉપકરણો પુરા પાડવાના કાર્યમાં પણ જોડાયેલા છે. તેઓ આંતરરાષ્ટ્રીયસ્તરે અનેક સ્પર્ધાઓ જીતી ચુક્યાં છે અને તેઓ માને છે કે "બૉડી બિલ્ડીંગ એ શારિરીક રમત હોવા સાથે સાથે તેમના માટે જીવનમાં સૌથી વધુ તૃષ્ણા ધરાવતી રમત છે."


સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા) N. C. Zaveri

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)

૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

Indian Institute of Teacher Education

(A State Public University established by Government of Gujarat)

Ramkrushna Paramhans Vidhya Sankul, Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016, Gujarat, India

Ph.D./M.Phil. Admission 2020

Junior Research Fellowship (JRF) 2020

Online applications are invited from dedicated and interested aspirants, who wish to continue their studies in research in education, as regular research students. For detailed information brochure and online application, please visit IITE website : www.iite.ac.in

Last date for Online Registration: 5th December 2019

Date:15-11-2019 માહિતી/૧૫૧૦/૧૯-૨૦ Registrar, IITE

INDIAN RED CROSS SOCIETY

Gandhinagar District Branch

શું આપ રક્તદાન કરવા સક્ષમ છો ?

ઉંમર : ૧૮ થી ૬૫ વર્ષ ● વજન : ૪૫ કિલોગ્રામ કે તેથી વધુ ● હિમોગ્લોબિન : ૧૨.૫ ગ્રામ કે તેથી વધુ

રક્તદાન વિશેની પ્રાથમિક માહિતી

- ૧૮ થી ૬૦ વર્ષની કોઈપણ વ્યક્તિ રક્તદાન કરી શકે છે.
- ૪૫ કિ.ગ્રા.થી વધુ વજન ધરાવતી કોઈપણ વ્યક્તિ રક્તદાન કરી શકે છે.
- સ્ત્રીઓ પણ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી શકે છે.
- ડાયાબિટીસ, થાઈરોઈડ કે અન્ય ગંભીર બિમારીવાળા દર્દીઓએ રક્તદાન ન કરવું.
- રક્તદાન કર્યાનો આનંદ અનેરો છે જે કરે તે અનુભવે છે.
- રક્તદાન ઈચ્છુકોએ સવારે ભારે નાસ્તો કે ભોજન કરીને રક્તદાન કરવા આવવું.
- રક્તદાન પછી કમી થયેલું લોહી શરીરમાં ૧૪ દિવસમાં પરત બનાવી લે છે.
- દર ત્રણ મહિને યોગ્ય સ્થળે રક્તદાન કરી શકાય છે.
- રક્તદાન કર્યા પછી નવા રક્તકણો બનવાથી નવી તાજગીનો અહેસાસ થાય છે.
- સતત પાંચ વખત રક્તદાન કર્યાની નોંધ રેડક્રોસ દ્વારા લેવાય છે તથા તે વ્યક્તિને બ્લડ યુનિટની જરૂર પડે ત્યારે અગ્રતાએ બ્લડ યુનિટ આપવામાં આવે છે.

જીલુભા ધાંધલ - ચેરમેન

જે. એન. પરીખ · હિતેષ રાવલ · મગનભાઈ કાકડીયા

અધિન દવે · ડો. પ્રદિપ ગગલાણી · ડો. એકતાબેન પટેલ

લાલજીભાઈ હેરમા · ગોવિંદભાઈ આહીર · મિલિન્દ ગુપ્તે


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com